ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ક્વટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.-૩૮૨૦૧૦

સત્યમેવ જયતે

ક્રમાંક:ક્વટ/isc3/NOC/મુ.વધારો/9280 તા.27/૦૭/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી
એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ વલ્લભ વિદ્યાનાગર,
આણંદ

**વિષય:**- લેબ.આસીસ્ટન્ટની ભરતી પ્રક્રિયાનો (ફક્ત દિવ્યાંગ માટે) બીજો પ્રયત્ન બાબત.
**સંદર્ભ:**-(૧) અત્રેની સંસ્થા દ્વારા પત્રક્રમાંક:ક્વટ/ISC3/NOC/૨૧૫૭૯૮૧, તા.૧૭/૦૭/૨૦૨૫
(૨)આપનો પત્રક્રમાંક: ૯૧/૨૦૨૬, તા:-૧૦/૦૨/૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે સંદર્ભ-૧ ના પત્રથી આપની કચેરીમાં લેબ.આસીસ્ટન્ટની દિવ્યાંગ કેટેગરી - A ની ભરતી કરવા માટે અત્રેની કચેરી દ્વારા NOC આપવામાં આવેલ હતી અને સંદર્ભ: ૦૨ ના પત્રથી PH કેટેગરી - A માં ડીસીબીલીટી મુજબ એકપણ ઉમેદવાર પાસ થયેલ ન હોવાથી ખાલી રહેલ જગ્યા ભરવા માટે 'બીજા પ્રયત્ન'નું આયોજન કરવા અત્રેની કચેરી ખાતે આપના દ્વારા દરખાસ્ત કરેલ છે.

સંસ્થાની રજુઆત મુજબ PH કેટેગરીમાં ડીસીબીલીટીની કેટેગરીમાં ઉમેદવાર ન મળતા જગ્યાઓ ખાલી રહી છે. તે ભરવા માટે હવે 'બીજા પ્રયત્ન'નું આયોજન કરવાનું રહેશે. જે અન્વયે બીજા પ્રયત્નમાં ચોક્કસ દિવ્યાંગતાની કેટેગરી - A ને બદલે 'સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો' (PH General) તરીકે ગણીને નવી જાહેરાત આપવાની રહશે. પરંતુ તેમાં પ્રથમ પસંદગી - A કેટેગરીના ઉમેદવારને આપવાની રહશે અને જો તે કેટેગરી અન્વયે ઉમેદવાર ન મળે તો જ અન્ય કેટેગરીના ઉમેદવારની પસંદગી કરવાની રહશે.

" દા. ત "A" કેટેગરીની જગ્યા ખાલી રહેલ છે. તો ઉક્ત જગ્યા ભરવા બીજો પ્રયત્ન હાથ ધરવામાં આવે ત્યારે પ્રથમ પસંદગી "A" કેટેગરીના ઉમેદવારની કરવી. અને તેમાં "A" કેટેગરીના ઉમેદવાર ન મળે તો જ B, C , D& E કેટેગરીના ઉમેદવારને પસંદગી આપવાની થાય."

આમ, ઉક્ત વિગતો ધ્યાને લેતા અત્રેની કચેરી દ્વારા આપની કોલેજમાં અગાઉ PH કેટેગરીની લેબ.આસીસ્ટન્ટની એન. ઓ. સી. આપવામાં આવેલ છે તેને ધ્યાને લઈ બીજા પ્રયત્નમાં ઉપર મુજબની શરતે ચોક્કસ દિવ્યાંગતાની કેટેગરી (A B C D& E) ને બદલે તમામ ખાલી જગ્યાઓને 'સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો' (PH General) તરીકે ગણીને નવી જાહેરાત આપવાની રહશે. જેમાં જે તે કેટેગરી આપવામાં આવેલ એન. ઓ. સી. અને તે એન. ઓ. સી. ની નક્કી કરેલ બેન્ચ માર્ક ડીસીબીલીટીના ઉમેદવાર ઉમેદવારી નોંધાવે અને તે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ લાયકાત ધરાવતા હોય તો પ્રથમ પસંદગી તે ઉમેદવારની કરવાની રહેશે

13/8/26 Aree kindly make a note

અને જો તે બેન્ચ માર્ક ડીસીબીલીટીના ઉમેદવાર ન હોય તો તે એન. ઓ. સી. ને PH General કેટેગરી ગણી સરકારશ્રી દ્વારા નિયત કરેલ બેન્ચ માર્ક ડીસીબીલીટી A, B, C, D & Eમાંથી કોઈપણ ઉમેદવારને લાયક ગણી નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**નોધ પર માન કમિશ્નરશ્રીની મળેલ મંજુરી અન્વયે...**

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગુ.રા ગાંધીનગર.